# મધરાતે સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરોને હોમગાર્ડે પડકાર્યા

## પોણા ત્રણ વાગે બંધ મકાન શોધી રહ્યા હતા : બહારગામ જતા પહેલા મકાન માલિકોએ પોલીસને જાણ કરી હોવાથી હોમગાર્ડ પોઈન્ટ મુકવામાં આવ્યો હતો : સર્ચ કરવા છતા તસ્કરો મળ્યા નહી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર-કોબા હાઈવે પર આવેલા રાંદેસણ ગામની સીમમાં ઉર્જાનગર સોસાયટી વિભાગ-૧માં ગતરાત્રીએ પોણા ત્રણ વાગ્યાના અરસામાં તસ્કરોની પાંચ શખ્સોની ટોળકી બંધ મકાન શોધી રહી હતી પરંતુ આ ટોળકી કોઈ મકાનને શિકાર બનાવે તે પહેલા જ પોઈન્ટ પર હાજર હોમગાર્ડનું ધ્યાન જતાં તેમને પડકાર્યા હતા. હોમગાર્ડને જોઈને તસ્કરો નદીના પટ તરફ ભાગી ગયા હતા. પોલીસ કંટ્રોલમાં મેસેજ પાસ કરાતા પોલીસ સટોસટ સ્થળ પર આવી પહોંચી હતી પરંતુ સર્ચ બાદ પણ તસ્કરો મળી આવ્યા ન હતા. ઉલ્લેખનીય છે કે સોસાયટીમાં રહેતા રહીશો પૈકી બહારગામ ગયેલા મકાન માલીકોએ પોલીસને તે અંગે જાણ કરી હતી તેથી તે સ્થળે ખાસ પોઈન્ટ મુકવામાં આવ્યો હોવાથી ઘરફોડ થતા અટકી ગઈ હતી.

મળતી માહિતી મુજબ રાંદેસણ ગામમાં સ્થિત ઉર્જાનગર સોસાયટી વિભાગ-૧માં રહેતા રહીશો પૈકી કેટલાક મકાનમાલિકો બહારગામ ગયા હતા તે પહેલા બહારગામ જતા હોવાથી મકાન બંધ રહેવાનું હોવા અંગે તેમણે તાત્કાલિક પોલીસમથકે જાણ કરી હતી, જેને પગલે પોલીસે તે વિસ્તારમાં હોમગાર્ડનો પોઈન્ટ મુક્યો હતો. હોમગાર્ડ દશરથભાઈ વાઘેલા તથા મહેશભાઈ તે સ્થળે રાત્રે બંદોબસ્તમાં હતા ત્યારે તેમણે પાંચ તસ્કરોને ઉર્જાનગરમાં ઘુસીને બંધ મકાન શોધવા જોયા હતા. તસ્કર ટોળકીને જોઈને બન્ને હોમગાર્ડ તાત્કાલિક પેટ્રોલીંગ પરના કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહને કોલ કરી બોલાવી લીધા હતા અને તસ્કર ટોળકીને પડકારી હતી. તસ્કરો આવ્યા હોવાની જાણ નાઈટ પેટ્રોલીંગ ઈન્ચાર્જને થતા પોલીસ કંટ્રોલને મેસેજ પાસ કરી જિલ્લાના તમામ પોલીસને સતર્ક કરી દીધી હતી. પોલીસનો કાફલો પળવારમાં જ ઊર્જાનગર સોસાયટીમાં પહોંચી ગયો હતો. પરંતુ ત્યાં સુધીમાં તસ્કરો નદીમાં ઉતરી ફરાર થઈ ગયા હતા. નદીના પટ તથા ઝાડીઓમાં પોલીસે સર્ચ કર્યુ પરંતુ તેઓ મળી આવ્યા ન હતા. હોમગાર્ડસની સમયસુચકતાથી તથા સઘન પોલીસ પેટ્રોલીંગથી વધુ એક ઘરફોડ થતાં અટકી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે મેસેજ પાસ થતા જ પોલીસ સટોસટ આવી જતાં સોસાયટીના રહીશોએ સલામતીની લાગણી વ્યક્ત કરી હતી.

# અડાલજમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક અડાલજ ગામની સીમમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડીને ચાર જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રોકડ રૂ. ૧૬,૮૨૦ તથા મોબાઈલ અને બાઈક મળીને રૂ. ૪૫,૮૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે ચારેય શકુનીઓની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને બાતમી મળી હતી કે અડાલજ ગામની સીમમાં જાહેરમાં ખુલ્લેઆમ ચારેક શખ્સો બાજી માંડીને બેઠા છે જેને આધારે પી.આઈ.ની સુચનાથી પી.એસ.આઈ. એસ. જે. વાઘેલા તથા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારના અડ્ડા પર નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે કોર્ડન કરીને ચારેય શખ્સોને પકડી પાડ્યા હતા. જુગાર રમી રહેલા અડાલજના ગોરધન મફાજી ઠાકોર, સંજય પ્રહલાદ ઠાકોર, અશ્વિન કાંતીલાલ દવે અને ચાંદખેડાના વણકર જીગ્નેશ મુકેશ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ચારેયને પકડી પાડીને રૂ. ૧૬,૮૨૦ રોકડ તથા ૬ નંગ મોબાઈલ અને બાઈક મળી રૂ. ૪૫,૮૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને જુગાર ધારા હેઠળ ચારેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચેક પરત થવાના કેસમાં બે આરોપીઓને એક વર્ષની કેદ

## પતિ-પત્નીને રૂ. ૧ લાખ લઈ સામે ચેક આપ્યો હતો : રૂ. ૫૦ હજારની વળતર ચુકવવા પણ કોર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૫

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બે આરોપીઓને એક વર્ષની કેદની સજા તેમજ રૂ. ૫૦ હજાર વળતર પેટે ચુકવવા આદેશ કર્યો છે.

સે. ૧૨-સીમાં ૩૪૭એ-૨માં રહેતા કેતુલભાઈ કૃષ્ણકાંત ઠાકર અમદાવાદ ખાતે ફાયનાન્સનો ધંધો કરે છે. જ્યારે આ કેસના આરોપી દિનેશ ગોવિંદભાઈ પટેલ તેમજ ભારતીબેન દિનેશભાઈ પટેલ અગાઉ પરિચયમાં મળ્યા હતા. આ દરમિયાન આરોપીઓને તેમના રહેણાંકના બાંધકામ માટે લીધેલા નાણા પરત કરવાની જરૂરિયાત ઉભી થતા તેમણે કેતુલભાઈ પાસે રૂ. ૧ લાખની માંગણી કરી હતી. આ તબક્કે તા. ૨૭ જુલાઈ વર્ષ-૨૦૦૬ના રોજ કેતુલભાઈએ બન્નેને રૂ. ૧ લાખ આપ્યા હતા. જ્યારે આરોપીઓને ઉછીની લીધેલી રકમ સામે પંજાબ નેશનલ બેંક ગાંધીનગર શાખાનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપૂરતા ભંડોળના લીધે ચેક બેંકમાંથી પરત થયો હતો. આ મામલે ફરિયાદીએ વકીલ મારફતે આરોપીઓને નોટીસ મોકલાવી હતી. આમ છતા લેણી રકમ પરત ન કરતાં આરોપીઓ વિરૂદ્ધ ગાંધીગરની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ પાંચમા એડીશનલ ચીફ જ્યુ. મે.જી. ની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે કે.જી. પંડ્યા તેમજ વિપુલ વાઘેલાએ દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ ગત તા. ૫ જાન્યુઆરીના રોજ જજશ્રી પી.એન. દવેએ બન્ને આરોપીઓને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. વધુમાં કોર્ટે રૂ. ૫૦ હજાર વળતર પેટે ફરિયાદને ચુકવવા પણ હૂકમ કર્યો છે.

# ટ્રકમાં ખીચોખીચ પશુઓ ભરીને લઈ જતાં બે શખ્સો ઝડપાયા

## બેરહમીપૂર્વક ભરેલી ૧૧ ભેંસ અને ૨ પાડા પૈકી એક ભેંસનું મોત : બંને શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૫

રાજકોટથી અબોલ પશુઓને બેરહેમીપૂર્વક ખીચોખીચ એક ટ્રકમાં ભરીને ગાંધીનગરના વૈષ્ણોદેવી રોડ પર થઈ નંદાસણ તરફ લઈ જવાના હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે બપોરના સુમારે વોચ ગોઠવીને ટ્રકને વૈષ્ણોદેવી સર્કલ પાસેથી ઝડપી લીધી હતી. બે શખ્સોની ધરપકડ કરીને ટ્રકની અંદર તપાસણી કરતાં ૧૩ પશુઓ મળી આવ્યા હતાં. જે પૈકી એક ભેંસ ગુંગળાઈને મૃત્યુ પામેલી હાલતમાં મળી આવી હતી. એનીમલ ક્રુએલ્ટી એક્ટ મજુબ ગુનો નોંધી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ટ્રકને જપ્ત કરી લીધી છે.

અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ. રાઠવાને બાતમી મળી હતી કે ખીચોખીચ પશુઓ ભરલી ટ્રક રાજકોટના જેતપુર વિસ્તારમાંથી રવાના થઈ નંદાસણ તરફ જઈ રહી છે જેને આધારે પી.એસ.આઈ. રાઠવા તથા એ.એસ.આઈ. ભુપતસિંહ તેમની ટીમ સાથે બપોરના સુમારે વૈષ્ણોદેવી સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગયા હતાં. દરમિયાન ૧ વાગ્યાના અરસામાં બાતમી વાળી ટ્રક નં. જીજે-૩ એ.ટી ૩૬૨૦ ત્યાંથી પસાર થતાં પોલીસે ટ્રક ઉભી રખાવી ચેકીંગ ક્યું હતું. ટ્રકમાં ૧૧ ભેંસો અને ૨ પાડા ખીચોખીચ ભરીને હેરાફેરી થઈ રહી હતી જેમાં એક ભેંસનું મૃત્યુ પણ થઈ ગયું હતું. ટ્રક લઈને જતાં રાજકોટના જેતપુર વિસ્તારના બે શખ્સો અખતર જમાલ કુરેશી અને જુનેદ ઈબ્રાહીમ કુરેશીની એનીમલ ક્રુએલ્ટી એક્ટ હેઠળ અડાલજ પોલીસે ધરપકડ કરીને ટ્રક સહીત રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કરી લીધો છે અને બંને શખ્સો વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શંકાસ્પદ ગુણવત્તાવાળી આયુર્વેદિક દવાનો જથ્થો મળી આવ્યો

## ખોરાક-ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ રેઈડ કરી

ગાંધીનગર, તા.૫

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર એ વડોદરામાં વિવિધ બે જગ્યાએ રેઈડ કરી શંકાસ્પદ ગુણવત્તાવાળી મીસ બ્રાન્ડેડ આયુર્વેદિક દવાનો જથ્થો કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરે આ અંગે જણાવ્યા અનુસાર વિભાગના વડોદરા વર્તુળના અધિકારીઓએ ગત તા. ૨૩ જાન્યુઆરીના રોજ વડોદરા ખાતે રાવપુરા-ટાવર સામે આવેલી જીલોન આયુર્વેદિક સ્ટોર્સ તેમજ બુધ્ધદેવ કોલોની કારેલીબાગ ખાતે રેઈડ કરી હતી. આ દરમિયાન વિભાગના અધિકારીઓએ પંચો રૂબરૂમાં એરંડાટી ચૂર્ણ આયુર્વેદિક મેડીસીન વૈદરાજ વાસુદેવ એન. પટેલ અમરેલી દ્વારા ઉત્પાદિત શંકાસ્પદ ગુણવત્તાવાળી મીસ બ્રાન્ડેડ આયુર્વેદિક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આ શંકાસ્પદ ગુણવત્તાવાળી અને વગર પરવાને ઉત્પાદિત આયુર્વેદિક દવાના વિભાગના અધિકારીએ નમૂના લીધા હતા. આ મામલે તંત્રએ સને ૧૯૪૦ના ઔષધ અને સૌંદર્ય પ્રસાધનના ધારા અને તે અન્વયેના નિયમો હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરનું નવી ઓફિસ સ્થળાંતર

ગાંધીગનર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં રાજય સરકારની વિવિધ યોજનાઓની પ્રચાર- પ્રસિધ્ધી અને સરકાર- પ્રજા વચ્ચે સેતુ રૂપ ભૂમિકા અદા કરતી જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર, છઠ્ઠો માળ ડી-વીંગ, બહુમાળી ભવન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કાર્યાવિન્ત હતી. હવે આ કચેરી ચોથો માળ, ડી-વીંગ, બહુમાળી, ભવન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે સ્થળાંતરિત થયેલ છે. આથી આ કચેરી સાથે સંપર્ક, સંકલન, પત્રવ્યવહાર આ સરનામે કરવા જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વલ્લભ દર્શન અને સમ્યક દર્શનનો લોકાર્પણ સમારોહ સંપન્ન

## મુખ્યમંત્રીએ સાહિત્ય સર્જક સુમતભાઈ શાહને શુભ સંદેશ પાઠવ્યો

ગાંધીગનર, તા.૫

ગુજરાત સાહિત્ય સંગમ અને સુમંતભાઈ શાહ પરિવાર દ્વારા તાજેતરમાં વલ્લભ દર્શન અને સમ્યક દર્શનનો લોકાર્પણ સમારંભ યોજાયો હતો. લોકાર્પણ સમારંભ પ્રસંગે કવિ સુમંતભાઈ શાહ અમૃત પર્વ વર્ષ સમાપન અને તેમના ૭૬મા જન્મદિન નિમિત્તે કેક કાપી તેઓને અભિવાદન આપી સુદીર્ઘ, સ્વસ્થ અને નિરામયી સુખી જીવનની શભેચ્છાઓ સ્નેહીજનોએ આપી હતી. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ સમારોહ પ્રસંગે અધ્યક્ષ સ્થાને પૂર્વ મંત્રી ઈશ્વરસિંહ ચાવડા, કૃષ્ણકાંતભાઈ જહા, ડૉ. કેશુભાઈ દેસાઈ, રસિકલાલ શાહ, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને પીઢ સાહિત્યકાર દોલત ભટ્ટે શુભાષિશ પાઠવ્યા હતા. પૂર્વ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, ઉપપ્રમુખ ભરત કવિ, મનોજ શુકલ, મધુસુદન ગાંધી, રમણભાઈ વાઘેલા, ચિત્રસેન શાહ, મૂળજીભાઈ પરમાર વગેરે સાહિત્યકારો, વરિષ્ઠ મહાનુભાવો સર્વશ્રી શિવલાલગર ગોસ્વામી, જયંતભાઈ ભટ્ટ, કે.બી. વ્યાસ, મયુરભાઈ વ્યાસ, સુરેન્દ્રભાઈ બક્ષી, જે.ડી. દવે, આર.જે. શાહ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોગની શરૂઆતમાં કવિ સુમંતભાઈ શાહ રચિત સુંદર પ્રાર્થના ગીત 'હે પરમેશ્વર' એને કાવ્ય ગીત 'પ્રાણ પ્યારો' મિત્તલ શાહે ભાવવાહી સ્વરે રજૂ કર્યા હતા. કુ. રિયા રાકેશ શાહે સુંદર સ્વાગત નૃત્યગીત રજૂ કરી સર્વેની દાદ મેળવી હતી. ગુજરાતી સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. ડૉ. સંજય શાહ, ડૉ. રાકેશ શાહ, અમી શાહ અને ડૉ. નિકિતા શાહનું પુષ્પગુચ્છ અને પુસ્તક આપી અભિનંદન કર્યુ હતું. સાહિત્ય સર્જક કવિ સુમંતભાઈએ પ્રાસ્તાવિક ઉદ્‌બોધનમાં સાહિત્ય સાધનાની પૂર્વ ભૂમિકા સાથે બે ગ્રંથોના લોકાર્પણને ગૌરવ અને આનંદનો પ્રસંગ ગણાવી આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ. સંજય શાહે સર્વ મહાનુભાવો, વડીલો અને ઉપસ્થિત સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. લોકાર્પણ સમારોહનું સંચાલન મનોજ શુકલે સફળ અને સચોટ રીતે સંપન્ન કર્યુ હતું.

## આજે પેથાપુરમાં આમ વાયઝ ફરમાવશે

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં તરપોજ ચકલા ખાતે પરમાર પરિવારના ખુશી પ્રસંગે આજે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી-૨૦૧૩ને બુધવારે રાત્રે ૧૦ કલાકે પીરે તરકીત હઝરત મોલાના હાજી કમરકુત્બી (કારંટવી) શેરે ગુજરાત નુરાની વાયઝ તકરીર ફરમાવશે. એમ પરમાર પરિવારે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પાટનાકુવા તુળજા ભવાની પ્રતિષ્ઠા મહોત્સવમાં હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા

ગાંધીનગર, તા. ૫

દહેગામ તાલુકાના પાટના કુવા મુકામે સ્વયંભૂ તુળજા ભવાની મંદિર જીણોદ્ધાર શિબિર પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવચંડી મહાયજ્ઞ તા. ૬ અને ૭ ફેબ્રુઆરી યોજાનાર છે. તા.૬ ફેબ્રુઆરીએ નવચંડી મહાયજ્ઞનો પ્રારંભ જલયાત્રા અને શોભાયાત્રા અને રાત્રે રાસ ગરબા યોજાશે.

પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય આચાર્ય પદે શાસ્ત્રી મહેશભાઈ ત્રિવેદી રહેશે. યજમાનપદે ગાંધીનગરના મીઠાભાઈ અમૃતભાઈ પટેલ છે. ખાતમુર્હૂત દાતા નવા બાબરાના જશુભાઈ ચૌધરી છે. મુખ્ય પ્રવેશદ્વાર દાતા સચેતા પરિવાર શાહ ચંપાબેન કેશવલાલ તલોદવાળા છે.

આયોજન સમસ્ત પાટના કુવાના ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ છે, તો ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

# ચ-માર્ગ પર સડસડાટ જતી કારે શોટ બ્રેક મારતા ત્રીપલ અકસ્માત

## ટ્રાફીક પોલીસની જીપ પાછળ મ્યુ. કમિશનરશ્રીની સરકારી ગાડી અને તેની પાછળ સેન્ટ્રો કાર ઘુસી ગઈ...!!

ગાંધીનગર, તા.૫

શહેરના ચ-માર્ગ પર પુરપાટ ઝડપે જઈ રહેલી એક એસેન્ટ કારના ચાલકે અચાનક શોર્ટબ્રેક મારતા પાછળ આવતી જિલ્લા ટ્રાફીક પોલીસની જીપે ના છુટકે બ્રેક લગાવી દેવી પડી હતી. જેને પગલે જીપની પાછળ આવતી બરોડા મ્યુ. કમિશનરની સરકારી ઈનોવા કાર ઘુસી ઘઈ હતી. તેજ સમયે પાછળથી બેફામ આવતી એક સેન્ટ્રો કાર પણ મ્યુ. કમિશનરશ્રીની ગાડી સાથે ઠોકાઈ ગઈ હતી. જો કે આ ત્રીપલ અકસ્માતમાં સદનસીબે કોઈ ઈજા કે જાનહાનિ થવા પામી ન હતી. ટ્રાફિક પોલીસની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધી ગયું છે ત્યારે આજે ચ માર્ગ પર અકસ્માતોની વણઝાર જોવા મળી હતી. ચ માર્ગ પર સર્જાયેલા ત્રીપલ અકસ્માતને જોઈને રાહદારીઓ તથા વાહનચાલકો દંગ રહી ગયા હતાં. બપોરના સુમારે સર્જાયેલા આ ત્રીપલ અકસ્માતમાં બે સરકારી ગાડીઓનો પણ સમાવેશ થાય છે. જેમાં એક જિલ્લા ટ્રાફીક પોલીસની પાઈલોટ જીપ અને બીજી બરોડના મ્યુનિ. કમિશનરની સરકારી ઈનોવા ગાડી હતી. બપોરે ચ-૨ થી ચ-૩ તરફ એસેન્ટ કાર પસાર થઈ રહી હતી તે દરમિયાન તેના ચાલકે અચાનક શોર્ટ બ્રેક લગાવતા પાછળ રમરમાટ આવતી જિલ્લા ટ્રાફિક પોલીસની જીપના ચાલકે પણ શોટ બ્રેક મારવી પડી હતી. જેને પગલે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો અને ત્રણ ગાડીઓ એકબીજાની પાછળ એક પછી એક ઘુસી ગઈ હતી. ટ્રાફિક પોલીસની જીપ પાછળ બરોડા મ્યુનિ. કમિશનરની ઈનોવા કાર અને તેની પાછળ એક સેન્ટ્રો કાર ધડાકાભેર ઘુસી જતા ત્રણેય ગાડીઓને નુકશાન થવા પામ્યું હતું જો કે સદભાગ્યે કોઈને ઈજાઓ થઈ ન હતી. આ બનાવ અંગે સે-૭ પોલીસે ટ્રાફીક પોલિસની ફરિયાદના આધારે ગુનો નોંધી કાર્યવાહી શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૪ ટકા
વરસાદ : ૨.૫ મી.મી.

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦
રેસ-૨ : ૩.૪૫, ૧૦.૦૦
ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
દિવાના મેં દિવાના : ૧૨.૪૫
મેં : ૫.૪૫
રેસ- ૨ : ૭.૩૦
: સ્ક્રીન-૪ :
વિશ્વરૂપમ્ : ૩.૩૦
મેં : ૫.૪૫
ડેવિડ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦
સપ્તજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ડેવિડ :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### ચિરાગ, કલોલ

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- 'અરે વહુ હવે બહુ થયુ' નામક નાટક કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે. લાંબા ગાળાનું આયોજન ઉપયોગી સાબિત થઈ શકે. વાહનસુખ પ્રાપ્તિનો યોગ.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થશે. રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિનો યોગ. વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકણ આવી શકે.

**મિથુન** : મનોરંજન કળા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ વધશે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સુખ પ્રાપ્તિનો યોગ.

**કર્ક** : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**સિંહ** : નાણાંકીય સ્થિતિમાં સુધારો જણાય. કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ. કલાત્મકક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય.

**કન્યા** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા પ્રાવાસનું આયોજન થશે. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**વૃશ્ચિક** : વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ. રોગ નિર્વાણકાર્યો માટે યાત્રા થશે.

**મકર** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડે. નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય પણ વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**મીન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય. માનસિક ચિંતા હળવી બને. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ રહે.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન રસિકભાઈ વર્મા (ઉ.વ. ૭૫)પ્લોટ નં. ૨૨૬/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.